પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૪૫ • કુલ પાના : ૪ • તારીખ : ૧૦-૦૬-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આજે રાજ્યસભા ચૂંટણી

## ૧૬ સીટની રાજ્યસભા ચૂંટણી માટે ચાર રાજ્યોમાં મતદાન હાથ ધરવામાં આવશે



નવીદિલ્હી,

રાજ્યસભા ચૂંટણીને લઈને ગરમાગરમી ચાલી રહી છે. ચૂંટણીમાં બસ હવે ગણતરીની કલાકો જ બાકી છે. આ રાજ્યસભા ચૂંટણી માટે ૧૫ રાજ્યોમાં કુલ ૫૭ સીટ પર મતદાન થનાર હતું.જેમાં નામાંકન વાપસીના અંતિમ દિવસે ૪૧ સભ્યોને નિર્વિરોધ ચૂંટી લેવામાં આવ્યા છે. હવે માત્ર ૧૬ સીટ પર આવતીકાલ તા.૯ જુનના દિવસે ચૂંટણી થશે જેમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને કર્ણાટક સામેલ છે. પાર્ટીઓને હોર્સ ટ્રેડિંગ અને ક્રોસ વોટિંગનો ડર સતાવી રહ્યો છે. ઉમેદવારો તોડ-જોડની રાજનીતિમાં વ્યસ્ત છે, જ્યારે પાર્ટીઓએ પોતાના ધારાસભ્યોને રિસોર્ટમાં છૂપાવી દીધા છે. ધારાસભ્યો આમ-તેમ ના થાય તે માટે ભારે રખેવાળી કરવામાં આવી રહી છે.

સૌથી વધુ નિરસ ગણાતી રાજ્યસભાની ચૂંટણીને પણ ભાજપે બેહદ ચર્ચાસ્પદ અને રસાકસીભરી બનાવી દીધી.મોટા રાજ્યોમાં રાજ્યસભાની ખાલી પડેલી બેઠકોની ચૂંટણી પ્રત્યે સમગ્ર દેશનું ધ્યાન છે. કારણ કે સત્તાધારી ભાજપ માટે આ ચૂંટણી રાજ્યસભામાં પૂર્ણ બહુમતી મેળવવાનું લક્ષ્યાંક છે, તો સામે કોંગ્રેસ સહિતના વિપક્ષો માટે પોતાનાં ધારાસભ્યોને ટકાવી રાખવાનો પડકાર છે.

ગ્રામ પંચાયતથી માંડીને લોકસભા સુધીની તમામ ચૂંટણીઓ જનતાના સીધા મતદાન થકી યોજાય છે. જનતા પોતે જ પોતાનો પ્રતિનિધિ ચૂંટે છે. જ્યારે રાજ્યસભાની ચૂંટણી એવી છે જેમાં જનતાના ચૂંટેલા પ્રતિનિધિઓ જનતા વતી મતદાન કરીને રાજ્યસભાના સદસ્યની ચૂંટણી કરે છે. વળી આ ચૂંટણી પણ દર વર્ષે નિયમિત રીતે યોજાતી રહે છે. કારણ કે સમગ્ર રાજ્યસભાનું કદી વિસર્જન થતું નથી પરંતુ પ્રત્યેક વર્ષે બે તૃતિયાંશ સભ્યો નિવૃત્ત થતાં રહે છે. અર્થાત આ ચૂંટણીમાં જનતાની સીધી સામેલગીરી નથી. નિયમિત યોજાતી ચૂંટણી છે. આથી જ રાજ્યસભાની ચૂંટણી ક્યારે આવે છે, ક્યા રાજ્યની કેટલી બેઠકો છે, કોણ ઉમેદવાર છે, કોણ જીતે છે વગેરે બાબતોમાં સાધારણ રીતે જનતાની ઉત્સુકતા ઓછી હોય છે. પરંતુ ભારે આક્રમક રાજનીતિ કરવામાં માનતાં ભાજપે પ્રત્યેક ચૂંટણીને સંખ્યાબળ વધારવાનું અને વિચારધારા પ્રસારવાનું શસ્ત્ર બનાવી દીધી છે. એટલે જ્યાં પોતાનો ઉમેદવાર જીતી શકે તેમ ન હોય ત્યાં પણ યેનકેન પ્રકારે જીતવાના પ્રયાસો કરીને રાજ્યસભાની ચૂંટણીમાં પણ રસાકસીનું તત્વ લાવી દીધું છે. જેને લીધે ક્રોસવોટિંગ, હોર્સ ટ્રેડિંગ યાને ધારાસભ્યોના ખરીદ-વેચાણનું દુષણ પણ વધ્યું છે. વર્તમાન ચૂંટણી પણ તેમાંથી બાકાત નથી.

મહારાષ્ટ્રમાં રાજ્યસભાની છ સીટ પર ચૂંટણી છે, જેમાં કોંગ્રેસ અને રાકાંપા પાસે એક-એક સીટ જીતવા માટે પર્યાપ્ત સંખ્યા છે, જ્યારે ભાજપ પાસે બે સીટ જીતવા માટે પર્યાપ્ત ધારાસભ્ય છે. શિવસેના પાસે એક ઉમેદવારને રાજ્યસભા મોકલવા માટે પર્યાપ્ત સંખ્યા છે. જો કે તેમણે પોતાના બીજા ઉમેદવારને ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે પોતાના સહયોગીઓ અને અન્ય અપક્ષ ઉમેદવારો પાસેથી વધુ ૩૦ વોટની જરૂરત છે. ભાજપ પોતાની તાકાત પર બે સીટ જીતી શકે છે. કોંગ્રેસ, શિવસેના અને રાષ્ટ્રવાદી પાર્ટી એક-એક સીટ જીતી શકે તેમ છે. સાથે જ મહાવિકાસ અઘાડી (એમવીએ)માં સામેલ ત્રણેય દળો પાસે એક અન્ય સીટ જીતવા માટે વધુ વોટ હશે. શિવસેના પોતાની બીજી સીટ જીતવા માટે આ વોટ પર જ નિર્ભર છે.

રાજસ્થાનમાં ચાર સીટ માટે સીધી ફાઈટ છે. કોંગ્રેસથી ત્રણ ઉમેદવાર મુકુલ વાસનિક, રણદીપ સુરજેવાલા અને પ્રમોદ તિવારી મેદાનમાં છે. ત્રણેય ઉમેદવારો માટે ૧૨૩ ધારાસભ્યોના વોટ જરૂરી છે. બદલાયેલા હાલાતમાં જો ત્રણ ધારાસભ્યોના વોટ પણ આમ-તેમ થઈ જાય તો કોંગ્રેસના ત્રીજા ઉમેદવારની હાર નક્કી છે. કોંગ્રેસ પાસે ખુદના ૧૦૮ ધારાસભ્ય છે. એક આરએલડીના સુભાષ ગર્ગ છે. ૧૩ અપક્ષ ઉમેદવાર, બે સીપીએમ અને બે બીટીપી ધારાસભ્યોને મિલાવી કોંગ્રેસને કુલ ૧૨૬ ધારાસભ્યોનું સમર્થન હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જ્યારે ભાજપના સમર્થનથી અપક્ષ ઉમેદવાર સુભાષ ચંદ્રા પણ મેદાનમાં છે. ચંદ્રાને ૧૧ વોટની જરૂરત હશે. ચંદ્રાને ભાજપના ૩૦ સરપ્લસ અને આરએલપીના ત્રણ ધારાસભ્યોના વોટ મળી શકે છે.

હરિયાણામાં બે સીટ માટે રાજ્યસભા ચૂંટણી થનાર છે. કાર્તિકેય શર્માએ અહીં મુકાબલો દિલચસ્પ બનાવી દીધો છે. શર્માને ભાજપનું સમર્થન મળેલું છે. તેમને જીતવા માટે ૩૧ વોટ જોઈએ. તેઓ કોંગ્રેસના અજય માકન માટે પડકાર બની ગયા છે. જ્યારે માકન માટે જીત ત્યારે જ સંભવ છે જ્યારે ૩૧ કોંગ્રેસ ધારાસભ્યોમાંથી ઓછામાં ઓછા ૩૦ ધારાસભ્યો તેમને મત આપે. બીજી તરફ ચર્ચા થઈ રહી છે કે પાર્ટીના ત્રણ ધારાસભ્યોએ પોતાના તમામ ઑપ્શન ખુલા રાખ્યા છે. એવામાં બારગેનિંગ અને ક્રોસવોટિંગની પૂરી સંભાવના બની રહી છે. બીજી તરફ કાર્તિકેયના દુષ્યંત ચૌટાલાની જેજેપીના ૧૦ ધારાસભ્યો અને ભાજપના બચેલા ૧૦ ધારાસભ્યોના વોટ મળવાની પૂરી સંભાવના છે.

આઝાદી નો અમૃત મહોત્સવ

ગુજરાત સરકાર

# દેશનો છે નિર્ધાર

## ડિજિટલ સેવાઓ થકી ૧૦૦% લોકોને બનાવવા છે સશક્ત

- જનધન-આધાર-મોબાઈલ (JAM) દ્વારા વચેટિયાઓ અને બનાવટી અરજદારોને નાબૂદ કરાયા : રૂ. ૨૨.૭૭ લાખ કરોડથી વધુ સીધા લાભાર્થીના ખાતામાં પહોંચ્યા
- 'એક રાષ્ટ્ર, એક રાશનકાર્ડ' હેઠળ દેશભરની ૫.૩૭ લાખ રાશનની દુકાનોમાંથી કોઈની પણ પાસેથી રાશન લેવાની સુવિધા
- સ્વામિત્વ યોજના હેઠળ, ડ્રોન ટેક્નોલોજી વડે ૧.૭૫ લાખ ગામોમાં જમીન સર્વેક્ષણ પૂર્ણ, ૭૭ હજારથી વધુ ગામોમાં ૭૫ લાખ પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરાયા
- ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં ભારત વિશ્વમાં અગ્રેસર, યુપીઆઈથી અત્યાર સુધીમાં રૂ.૧૭૭ લાખ કરોડના વ્યવહાર થયા
- ડિજિટલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૪.૯૪ લાખ કોમન સર્વિસ સેન્ટર કાર્યરત કરાયા
- પેન્શનરોને કોઈપણ મુશ્કેલી વિના ૫.૭૦ કરોડથી વધુ ડિજિટલ જીવન પ્રમાણપત્ર આપવામાં આવ્યા
- ઝડપી ઈન્ટરનેટ કનેક્ટિવિટી માટે ૧.૭૮ લાખ ગામ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક સાથે જોડાયા, કુલ ૫.૭૪ લાખ કિ.મી. ઓપ્ટિકલ ફાઈબર કેબલનું જોડાણ
- GeM પોર્ટલથી સરકારી ખરીદીમાં આવી પારદર્શિતાઃ રૂ.૨.૫૭ લાખ કરોડની મોટા પાયે ખરીદી
- Co-WIN પ્લેટફોર્મે લોકો માટે કોવિડ રસીકરણ સરળ બનાવ્યું
- ડિજિલોકરમાં ૧૧ કરોડ નાગરિકોની નોંધણી થતાં કાગળના દસ્તાવેજો સાથે રાખવાની જરૂરિયાત થઈ દૂરઃ ૫.૧ અબજથી વધુ દસ્તાવેજ આપવામાં આવ્યા







"આત્મનિર્ભર ભારતના સંકલ્પને ડિજિટલ ઈન્ડિયા દ્રઢતા પૂર્વક સાર્થક કરી રહ્યું છે. ડિજિટલ ઈન્ડિયા એવા લોકોને માળખાકિય સુવિધાઓ સાથે જોડી રહ્યું છે કે જેની કલ્પના પણ તેમણે ક્યારેય કરી ન હતી. ડિજિટલ ઈન્ડિયા ૨૧મી સદીમાં સશક્ત થતા ભારતનું સ્વરૂપ છે."

-નરેન્દ્ર મોદી-

૮ વર્ષ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના

## દેશના ૧૬માં રાષ્ટ્રપતિ ચૂંટણી ૧૮ જુલાઈના રોજ : ૨૯ જૂન સુધી ઉમેદવારી નોંધાવી શકશે

નવીદિલ્હી,

વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈએ પૂરો થઈ રહ્યો છે ત્યારે ભારતીય ચૂંટણી પંચે દેશના આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. ભારતના નવા રાષ્ટ્રપતિએ ૨૫ જુલાઈ સુધીમાં શપથ લેવાના છે. વર્ષ ૨૦૧૭માં રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૭મી જુલાઈએ યોજાઈ હતી અને ૨૦મી જુલાઈએ મતગણતરી થઈ હતી. ચુંટણી પંચના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિની ચુંટણી માટ ઉમેદવારીપત્રકો ભરવાનો છેલ્લો દિવસ - ૨૯ જૂન રહેશે,મતદાન ૧૮ જુલાઈના રોજ થશે મત ગણતરી- ૨૧ જુલાઈ યોજાશે

ભારતીય બંધારણના અનુચ્છેદ ૬૨ નો ઉલ્લેખ કરીને, આગામી રાષ્ટ્રપતિની પસંદગી માટેની ચૂંટણી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુદત પૂરી થાય તે પહેલા પૂર્ણ થવી જોઈએ. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં, સંસદના બંને ગૃહોના સભ્યો સિવાય, તમામ રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની વિધાનસભાના સભ્યોએ મતદાન કર્યું હતું. રાજ્યસભા, લોકસભા અથવા વિધાનસભાના નામાંકિત સભ્યોને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર નથી. તેવી જ રીતે, રાજ્યોની વિધાન પરિષદના સભ્યોને પણ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લેવાનો અધિકાર નથી.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે અહીં એક પત્રકાર પરિષદમાં કહ્યું કે રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. ચૂંટણીમાં મતદાન માટે ખાસ શાહી વાળી પેન આપવામાં આવશે. મત આપવા માટે તમારે ૧,૨,૩ લખીને તમારી પસંદગી જણાવવી પડશે. જો પ્રથમ પસંદગી જણાવવામાં નહીં આવે, તો મત રદ કરવામાં આવશે. તે જ સમયે, આ સમય દરમિયાન રાજકીય પક્ષોમાંથી કોઈ વ્હીપ જઈ શકશે નહીં. સંસદ અને વિધાનસભાઓમાં મતદાન થશે. રાજ્યસભાના મહાસચિવ ચૂંટણી પ્રભારી હશે. આ ઉપરાંત કોરોના પ્રોટોકોલનું પાલન કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સાંસદોના મતની કિંમતનું ગણિત અલગ છે. સૌ પ્રથમ, તમામ રાજ્યોની વિધાનસભાના ધારાસભ્યોના મતોનું મૂલ્ય ઉમેરવામાં આવે છે. આ સામૂહિક મૂલ્યને રાજ્યસભા અને લોકસભાના કુલ સભ્યોની કુલ સંખ્યા વડે ભાગવામાં આવે છે. આ રીતે મેળવેલ નંબર એ સાંસદના વોટનું મૂલ્યહોય છે.

દેશમાં કુલ ૭૭૬ સાંસદો છે

(અનુ.પાના.નં.૨)

## લદાખ ક્ષેત્રમાં ચીનની પ્રવૃત્તિઓ ચિંતાજનક : US જનરલની ચેતવણી

લેહ,

અમેરિકન સેનાના એક ટોચના જનરલે લદાખ થિયેટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની પાર ચીની ગતિવિધિને 'આંખ ઉઘાડનારી' અને ચિંતાજનક ગણાવી હતી. તેમણે પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણને પણ 'ખતરનાક' ગણાવ્યું હતું. યુનાઈટેડ સ્ટેટ્સ આર્મી પેસિફિકના કમાન્ડિંગ જનરલ જનરલ ચાર્લ્સ એ.

ફ્લાયને જણાવ્યું હતું કે, ચીનની ગતિવિધીઓ જોખમી અને ચિંતાજનક છે. પીએલએના વેસ્ટર્ન થિયેટર કમાન્ડમાં બનાવવામાં આવી રહેલા કેટલાંક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ચિંતાજનક છે. કોઈકે તો સવાલ કરવો પડશે કે તેઓ આ શા માટે કરી રહ્યા છે અને એની પાછળ તેમનો ઈરાદો શું છે.'

ફ્લાયને પત્રકારોના જૂથ સાથેની વાતચીત દરમિયાન લદાખ થિયેટરમાં એકંદર પરિસ્થિતિ પરના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. ગલવાન ખીણના સંઘર્ષથી બંને દેશોની સેનાઓ એલએસી પર એકબીજાનો સામનો કરી રહી છે અને કેટલાક ઘર્ષણવાળા વિસ્તારોમાંથી સૈનિકોને હટાવવામાં આંશિક સફળતા પણ મળી છે.

ભારતની ચાર દિવસીય મુલાકાતે આવેલા યુએસ જનરલે મંગળવારે આર્મી ચીફ જનરલ મનોજ પાંડે સાથે મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ સંબંધિત મુદ્દાઓ પરત્વે ચર્ચા કરી હતી. મિલિટ્રી ઓપરેશન્સના ભૂતપૂર્વ મહાનિર્દેશક લે. જનરલ વિનોદ ભાટિયા (નિવૃત્ત)એ જણાવ્યું હતું કે ચીને લાંબા સમયથી તિબેટમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે અને તેઓ તેને સતત અપગ્રેડ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે 'સીમાના મુદ્દાઓને લઈને અમારી વચ્ચે ગંભીર મતભેદો છે. આ મતભેદોને રાજકીય, રાજદ્વારી અને લશ્કરી વાતચીત દ્વારા ઉકેલવાની જરૂર છે'. ભાટિયાએ કહ્યું હતું કે ન્છઝ પર ભારતની સૈન્ય ક્ષમતાઓ ચીનની સમકક્ષ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં શામણા ઉદવહન સિંચાઇ યોજનાથી મોરવા હડફ વિધાન સભામાં આવતા તળાવો ખાતે રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં જળ વધામણાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

પાણીની અછત અને નીચા જતાં જળસ્તરની સમસ્યાના નિરાકરણ માટે મહીસાગર જિલ્લામાં ૭૫.૬૭ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત શિયાલ અને શામણા તળાવમાંથી ૩૫ તળાવો ભરવા માટેની યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં તબક્કા વાર તળાવો ભરવાની કામગીરી શરૂ થઇ છે. ત્યારે આજ રોજ આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારની અધ્યક્ષતામાં મોરવા હડફ વિધાન સભામાં આવતા ૧૨ તળાવો જેમાં નસીકપુર, બોઈડીયા, રાફઈ, સાંઢપાળીયા, માંચોડ, ગોધર(૫) અને કાળીબેલ ખાતે જળ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, અગ્રણી દશરથભાઇ બારીયા, રાવજીભાઇ પટેલ સહિત સરપંચો, ગ્રામજનોની ઉપસ્થિતિમાં નવા નિરના વધામણા કરવામાં આવ્યા હતા. પંરપરાગત નૃત્ય સાથે રાજ્ય મંત્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

કાળીબેલ ખાતે સભાને સંબોધતા આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, પાણીની કિમંત ખેડૂતો અને મારી બહેનોજ સમજી શકે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા સુજલામ-સુફલામ જળ અભિયાનને કારણે જિલ્લાના ઘણાં તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરાઈ છે. રાજ્ય સરકારના જળ સંચય અભિયાન દ્વારા પાણીને પ્રસાદ સમજીને વરસાદ રૂપે વરસેલાં પાણીનું ટીંપે-ટીંપુ જમીનમાં ઉતરે અને ધરતી માતાની તપ્ત ધરાંની તૃષા છીપાય તે માટે અભિયાન સ્વરૂપે કાર્ય કરી રહી છે ત્યારે તળાવ ભરવાના આવાં મહત્વપૂર્ણ કામોથી કુવા, બોર રીચાર્જ ચોક્કસ થશે. મહીસાગર જિલ્લામાં પાણીની અછત અને નીચા જતાં જળસ્તરની સમસ્યાના નિરાકરણ માટે ઉદવહન યોજનાઓના માદયમથી તળાવો ભરવાની કામગીરી શરૂ કરી નેવાનું પાણી મોભે ચઢાવવાનું કામ સરકાર કરી રહી છે.

મહીસાગર જિલ્લામાં ૧૮૫ કરોડના ખર્ચે તળાવો ભરવાની જોગવાઇ કરવામાં આવી હતી. જેમાં ૭૫.૬૭ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત શિયાલ અને શામણા તળાવમાંથી ૩૫ તળાવો ભરવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત શિયાલ પંપીગ સ્ટેશનથી સંતરામપુર તાલુકાના ૧૨ અને કડાણા તાલુકાના ૬ મળી કુલ ૧૮ તળાવો તેમજ શામણા પંપીંગ સ્ટેશનથી સંતરામપુર તાલુકાના ૧૩ અને લુણાવાડાના તાલુકાના ૦૪ તળાવો મળી કુલ ૧૭ તળાવો ભરવામાં આવનાર છે. આ યોજનામાં ક્રમશઃ કામગીરી પુર્ણ થઇ તેવા તળાવો ભરવાના શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે મહીસાગર માતાના આ નિરના વધામણા કરવાનું ગ્રામજનોએ આયોજનોએ આયોજન કર્યું હતું. આ યોજના અંતર્ગત તળાવ ભરવાની કામગીરીથી અંદાજીત ૧૨૨૫ હેક્ટર જમીન લાભાન્વિત થશે અને આ વિસ્તારના જળ સ્તર ઉચા આવશે તેમજ લોકોને પાણીની સમસ્યાનો મહદ અંશે હલ આવશે. ઉપસ્થિત ગ્રામજનોએ વર્ષો બાદ પાણીની સમસ્યાનું નિરાકરણ થતાં ખુશી વ્યકત કરી સરકારનો આભાર માન્યો હતો. રાજ્યમંત્રી દેશી વાર્જિત્રોના સૂર સાથે પુજન કરી જળના વધામણા કર્યા હતા.

આ પ્રસંગે સંતરામપુર તાલુકા પંચાયત ઉપ પ્રમુખ ભરતભાઈ, જિલ્લા તાલુકા પંચાયત સદસ્યઓ, કાળીબેલ સરપંચ કૈલાસબેન ખાંટ, અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ભરતભાઈ, રાજુભાઈ, શૈલેષભાઈ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા ખાતે શિક્ષિત બેરોજગાર યુવાનો માટે ઔદ્યોગીક રોજગાર ભરતી મેળો યોજાયો



લુણાવાડા,

મહીસાગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા મહિસાગર જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાનો કે જે ઓ શિક્ષકની લાયકાત ધરાવે છે. તેવા યુવાનો માટે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન જિલ્લા રોજગાર અધિકારી મુકેશ પ્રજાપતિની અધ્યક્ષતામાં બ્રાઈટ ડે સ્કૂલ, બારોટ વાડા, લુણાવાડા ખાતે હતો.

આ પ્રસંગે રોજગાર અધિકારી મુકેશ પ્રજાપતિએ ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગારલક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપ્યું હતું.

આ રોજગાર ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે પી.ટી.સી, બી.એ બી.એડ, એમ.એસ.સી બી.એડ, એમ.એ.બી.એડ, બી.સી.એ, બી.એસ.સી. બી.એડ, બી.એસ.સી નર્સિંગ, એમ.એસ.સી નર્સિંગ લાયકાત ધરાવતા ઉમેદવારોને અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્ર શાળાઓમા શિક્ષક તરીકે રોજગારીની તક પૂરી પાડવામાં આવી હતી.

જિલ્લાના રોજગાર વાંચ્છુક ઉમેદવાર માટે આશરે ૧૦૦ જેવી ખાલી જગ્યાઓ માટે મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૨૫ જેવા ઉમેદવારો અને ૭ નોકરીદાતા ઉપસ્થિત રહ્યા અને ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી રોજગાર વાંચ્છુક ઉમેદવારોએ સરકારના આ અભિગમને વખાણ્યો હતો. આ ભરતી મેળામાં બ્રાઈટ ડે સ્કૂલના આચાર્ય, શિક્ષક, રોજગાર વાંચ્છુ ઉમેદાવરો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર નગરના બાયપાસ રોડ પાસે ટ્રક અને મોટરસાયકલનો અકસ્માત સર્જાયો સારવાર દરમિયાન એકનું મોત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગર બાયપાસ રોડ ઉપર ટ્રક ચાલકે પોતાની બેદરકારી રોડની વચ્ચે અનાજ ભરેલી ટ્રક મૂકી દીધી હતી અને ટ્રાફિકની આડમાં મૂકવામાં આવેલી હતી. કોઈપણ પ્રકારન સિગ્નલ લાઈટ ચાલુ કરવામાં આવ્યું હતું. સંત ગામના રહેતા તાનીશ તાલીબ પઠાણ અને તેમનો ભણચો અકરીબ શેખ મોટરસાયકલ લઈને સંતરામપુર બાયપાસ ઉપર પોતાના કામ માટે ગયા હતા. અંધારામાં અને ટ્રક ઊભી હતી. ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા ૧૦૮ માંથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન અકરીબ શેખનું સારવાર દરમિયાન વધુ ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યું હતું. જ્યારે તાલિબાનો પુત્ર વધુ જવાના કારણે સારવાર અર્થે બહાર ખસેડવામાં આવ્યા હતા. તાલિબાનો ભાણેજ વીરપુર ગામે થી સંતરામપુર સંત ગામમાં મામાના ઘરે વેકેશન માણવા માટે આવેલા હતા. આવી ઘટના બનતા જ પરિવારજનોમાં શોકનું મોજું રહ્યું હતું. આ અંગે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરીદ મિયા મજીદ મિયાશેખ ટ્રક ચાલક વિરૂદ્ધ અકસ્માત ગુનો નોંધાયો હતો. સંતરામપુર પોલીસે ટ્રક પોલીસે કબજે લઈને આગળ તપાસ હાથ ધરી હતી.

# દાહોદમાં સ્માર્ટ સીટી જાહેર કરવા છતાં જાહેર માર્ગો અને સોસાયટીઓમાં ગંદકીનું સામ્રાજય


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ સ્માર્ટ સિટી તરફ જવા પ્રયાણ કરી રહ્યું છે. ત્યારે હાલ પણ દાહોદ શહેરની પરિસ્થિતિ ઠેરની ઠેર છે. કારણ કે, સ્માર્ટ સિટીના નામ એ માત્ર અને માત્ર મોટી મોટી ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. તેમ લાગી રહ્યું છે કારણ કે જ્યાં જુઓ ત્યાં જ શહેરના જાહેર માર્ગો તેમજ ગલી મહોલ્લા સોસાયટી જેવા વિસ્તારોમાં અસહ્ય ગંદકી અને કચરાના એ પોતાનું સામ્રાજ્ય રાખતા લોકોમાં એક પ્રકારનો પણ જોવા મળી રહ્યો છે અને તંત્રની કામગીરી પર એક સવાલો પણ ઉઠી રહ્યા છે.

સુખ સુવિધાના નામે દાહોદ શહેરવાસીઓને તંત્ર દ્વારા માત્રને માત્ર મોટા વાયદાઓ અને મોટી મોટી વાતો કરી ગુલબાંગો પોકારવામાં આવી રહી ચૂંટણી સમયે અનેક વાયદાઓ કરતા દાહોદ શહેરના તમામ વોર્ડ ના કાર્યકર્તાઓ જાણે હવે ગાયબ થઇ ગયા છે. સ્થાનિક લોકોની અનેક પડતર સમસ્યાઓ ઠેરના ઠેર છે તંત્રને અને લાગતા વળગતા કાઉન્સીલરોને તમામ વોર્ડના લોકોને અનેક રજૂઆતો કરવા છતાંય કોઇ નક્કર કામગીરી કરવામાં આવતી ન હોવાની પણ છડેચોક બૂમો ઉઠવા પામી છે. ત્યારે અહીં આપણે વાત કરીએ કે દાહોદ શહેરના તમામ ગલી, મહોલ્લા સોસાયટી વિસ્તારોમાં અસહ્ય ગંદકી અને કચરાના એ પોતાનો અડીંગો જમાવી રાખ્યો છે ઘણા એવા વિસ્તારોમાં તો ડોર ટુ ડોર કચરા કલેકશન નીકાળ્યો પણ રાબેતા મુજબ અને નિયમિત ન આવતાં દાહોદ શહેર વાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં કચરાના ઢગલા અને અસહ્ય ગંદકી જોવા મળી રહી છે. ઘણા વિસ્તારોમાં તો સ્થાનિકો દ્વારા આ મામલે તંત્ર અને અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી ન હોવાના પણ લોકો દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે સ્માર્ટ સિટીના નામે માત્ર ને માત્ર તંત્ર દ્વારા જાણે એકલદોકલ કામ કરી જાહેર જનતાને ભ્રમિત કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. સુખ સુવિધાના નામે હાલ પણ દાહોદ શહેર વાસીઓ વંચિત રહ્યા છે. હાલ ચોમાસાની ઋતુ આવવાની તૈયારી છે. ત્યારે સાફ-સફાઈ મામલે તંત્ર રોગચાળો ન ફેલાય તે બાબતનું ધ્યાન રાખી સાફ સફાઈ અભિયાન હાથ ધરે તે અત્યંત આવશ્યક છે. કારણ કે, ચોમાસાની ઋતુમાં રોગચાળો ફેલાવવાની વધુ શક્યતા હોય છે. ત્યારે જયાં જુઓ ત્યાં ગંદકીના કારણે ચોમાસામાં રોગચાળો ન ફેલાય તેની તકેદારી રાખવી અત્યંત આવશ્યક છે. ત્યારે સમગ્ર મામલે શહેરમાં સાફ-સફાઈ મામલે તંત્ર ગંભીરતા દાખવે તે અત્યંત આવશ્યક છે.

# દાહોદમાં તા.૧૫ થી ૧૬ જૂન દરમિયાન સાંસદ ખેલ સ્પર્ધા યોજાશે



દાહોદ,

સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું છે કે, દાહોદમાં આગામી તારીખ ૧૫ થી ૧૬ જૂન દરમિયાન સાંસદ ખેલ સ્પર્ધા યોજાશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં કબડ્ડી, શૂટિંગ બોલ, તિરંદાજી, હોકી, રસ્સાખેંચ, કરાટે, ક્રિકેટ તેમજ એથ્લેટીક્સ રમતોનું આયોજન કરાયું છે.

તેમણે જણાવ્યું કે, દેશના રમતવીરો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામ રોશન કરી રહ્યા છે. ત્યારે જિલ્લાના રમતવીરોને પ્રોત્સાહન આપવું પણ એટલું જ જરૂરી છે. દાહોદ જિલ્લામાં યુવાનોમાં ઘણી પ્રતિભા છુપાયેલી છે. જિલ્લાના ખેલાડીઓ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે મેડલ મેળવી શકે છે. ત્યારે જિલ્લાના ખેલાડીઓની પ્રતિભા બહાર લાવવાનો સાંસદ ખેલ સ્પર્ધા એક એક અવસર બની રહેશે તે નક્કી છે. હું જિલ્લાના યુવાનોને સાંસદ ખેલ સ્પર્ધામાં ભાગ લેવા માટે અપીલ કરૂં છું.

સાંસદ ખેલ સ્પર્ધાનું દાહોદના ત્રિવેણી મેદાન, સીટી ગ્રાઉન્ડ ખાતે, દેવગઢબારિયા રમત ગમત સંકુલ ખાતે આયોજન કરાયું છે. સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને મેડલ આપી બહુમાન કરાશે. જિલ્લા સેવા સદન ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં સાંસદ ખેલ સ્પર્ધાના સુચારૂ આયોજન અંગે બેઠક પણ યોજાઈ હતી. બેઠકમાં કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા રમત ગમત અધિકારી વિરલ ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા.

# દે.બારીયાના મેન્દ્રા ગામે બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલકનું મોત

દાહોદ,

જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના મેન્દ્રા ગામે એક મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટરસાયકલ સ્લીપ ખાઇ જતાં ચાલકનું મોત નિપજ્યાનું જાણવા મળેલ છે. ગત તારીખ ૭ જૂનના રોજ સિંગવડ તાલુકાના સુડિયા ગામે કમોળ ફળિયામાં રહેતા ગોપાલભાઈ હીરાભાઈ કામોળ પોતાને ખબર ન મોટરસાયકલ લઈને મેન્દ્રા ગામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે પસાર થઈ રહ્યા હતા. તે સમયે મોટરસાયકલ ની વધુ પડતી ઝડપ ના કારણે રોડની સાઈડમાં આવેલ બોર્ડ સાથે મોટરસાયકલ ભટકાતા ગોપાલભાઈ મોટર સાયકલ પરથી ફંગોળાઇ જમીન પર પટકાયા હતા. જેને પગલે તેઓને માથાના ભાગે તેમજ હાથે-પગે અને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. આ સંબંધે સુડીયા ગામે કમોળ ફળિયામાં રહેતા હીરાભાઈ સમસુભાઈ કમોલે દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા થશે. જીવનસાથી સાથે સારો સમય પસાર કરો. ભૂતકાળમાં થયેલા કોઈપણ કામોને લીધે, સમાજમાં તમારું માન વધશે અને તેના વિશે કોઈ પણ કાર્યક્રમનું આયોજન થઈ શકે.

વૃષભ : આજનો દિવસ તમારો ચપળતાથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઈચ્છા પણ રાખશે. તમને રચનાત્મક કાર્ય કરવાની તક મળશે, જે તમારી અંદર રહેલી પ્રતિભાને બહાર લાવવા પ્રયત્ન કરશે અને સફળ પણ થશે.

મિથુન : તમારા માટે આજનો દિવસ સફળ રહેશે, પરંતુ તમે તમારી પોતાની ભૂલના કારણે મુશ્કેલીને આમંત્રણ આપશો. બાળકોની કારકિર્દી વિશેની ચિંતાઓ તમને થોડુંક દોડાવી શકે છે.

કર્ક : આજે શરૂઆતમાં તમને નવા કાર્યમાં થોડી અડચણ અનુભવાશે, પરંતુ થોડા સમય પછી, તમે જોશો કે તમે કામ કર્યું છે. બાળકોના ક્ષેત્રે થતી પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને તેની કારકિર્દીની ચિંતા દૂર થશે.

સિંહ : અધિકારીઓની મદદથી ઓફિસમાં તમામ પ્રકારની અડચણો દૂર થશે, સાથીદારો તમારા કામથી પ્રભાવિત થશે. તમે સોશિયલ મીડિયા દ્વારા કેટલાક સારા સમાચાર સાંભળી શકો છો.

કન્યા : આ દિવસે તમે જે પણ કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે, પરંતુ તમે જે પણ કામમાં એકાગ્રતા સાથે કામ કરશો તેમાં વિજય ચોક્કસ જ મળશે. દૈનિક વેપારીઓની કમાણીમાં વધારો થશે પરંતુ તે સમયે ખર્ચ માટેના બહાના પણ રહેશે.

તુલા : આજે તમે સવારથી વ્યસ્ત રહેશો. ઘરે તમને થોડા દિવસો પહેલા કંઈક ખોવાઈ ગયેલું મળી શકે છે. લાંબા સમય પહેલા કોઈને આપેલા પૈસા આજે પરત આવશે. વિદ્યાર્થીઓ માટે સમય શુભ છે, તમને ઈચ્છિત ક્ષેત્રમાં શિક્ષણ મેળવવામાં સફળતા મળશે. મોસાળ તરફથી સારા સમાચાર આવશે અને સંબંધોમાં પણ સુધારો થશે.

વૃશ્ચિક : ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજની સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે. આજે તમને માતા-પિતાની સેવા કરવાની તક મળશે અને તેમનો સહયોગ પરિવારના વ્યવસાયમાં પણ સફળતા લાવશે.

ધનુ : આર્થિક દ્રષ્ટિકોણથી આજનો દિવસ નિરાશાજનક રહેશે. ક્રોધ પર નિયંત્રણ નહીં હોવાને કારણે પોતાનું નુકસાન થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે, તેમના અધૂરા લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદરૂપ થશે. લવ લાઈફ માટે દિવસ ઉત્તમ રહેશે અને કેટલાક નવા લોકોને મળવામાં આનંદ થશે. પિતાનો સંપૂર્ણ સહયોગ તમારી સાથે રહેશે.

મકર : ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનું સમર્થન મુશ્કેલ બનશે. આકસ્મિક રીતે લાભની ડીલ મેળવીને પૈસાની આવક થશે.

કુંભ : આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો, તે ખૂબ સારું પરિણામ લાવશે. જીવનસાથી સાથે મુસાફરી કરશો અને તેનાથી તમારી ખુશી બમણી થઈ જશે.

મીન :ધંધામાં કોઈ ડીલ કે વ્યવહાર કરતી વખતે ટેન્શન ના લો. વધતા ખર્ચને નિયંત્રિત કરવું મુશ્કેલ બનશે, પરંતુ થોડી ઈચ્છાશક્તિ બધું શક્ય બનાવશે. મિત્રોના સહયોગથી કોઈ મોટો પ્રોજેક્ટ પૂર્ણ થશે. તમારા દ્વારા અપાયેલા માર્ગદર્શનથી લોકોને લાભ થશે

# દાહોદના સંજેલીમાં એક્સ્પાયરી ડેટના દૂધ સંજીવનીના પેકેટ ખુલ્લામાં ફેંકેલા મળી આવ્યા



દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા એક માસ દરમિયાન કેટલાક ચોક્કસ વિસ્તારમાં સરકારની દૂધ સંજીવણી યોજનાના દૂધના પેકેતો રસ્તે રઝળતા મળી આવાની ઘટનાએ અનેક શંકા કુ શંકા ઓને જન્મ આપ્યો છે. પ્રથમ જિલ્લાના ફતેપુરા બાદમાં સીંગવડ અને હવે સંજેલી વિસ્તારમાં એટલે કે ૧૫ થી ૨૦ કિલો મીટર જેવા વિસ્તારના ત્રિજ્યામાં આવેલા ગામોમાં દૂધ સંજીવણી યોજનાના છુટા છવાયા પાઉંચો મળી આવતા આ સમગ્ર બાબત કોઈ શડયંત્ર હોવાની આશંકા ઉભી કરી રહ્યું છે.

જિલ્લામાં અગાઉ મળી આવેલા પાઉચ બાબતે તંત્ર એ ખુલાસો કર્યા પછી પણ હજુ સુધી કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કે પોલીસ ફરિયાદ ના કરાતા પણ આશ્ચર્ય સર્જાયું છે. તો આ મળી આવેલા પાઉચ ખરેખર દૂધ સંજીવની યોજનાના જ છે કે પછી તેની ખાલી થેલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે તપાસ કરવાની બાબત છે જોકે, એકજ મહિનામાં અલગ અલગ સ્થળોથી જાહેરમાં ફેંકી દેવાયેલા દૂધ સંજીવણી યોજનાના પાઉચ ખરેખર બાળકોનો મો નો કોળ્યો છીનવતા હોઈ છે કે પછી યોજનાના સાથે જોડાયેલી આખી ચેનમાં કામગીરી કરતા વ્યક્તિ વિશેષ ને ટારગેટ કરી બદનામ કરવા આ યોજનાકીય ઢબે કાર્ય કરાઈ રહ્યું છે. ત્યારે ત્રણેય જગ્યાએ મળી આવેલા પાઉંચોની તારીખ અને બેચ નંબર તપાસ કરવામાં આવે તો ખરેખર આ અલગ અલગ દિવસની થેલીઓ છે કે પછી એકજ દિવસની બેચની એક્સ્પાયર થયેલી માર્ગ ઉપર ફેંકી રાજકીય રોટલો શેકવાનો ઈરાદો છે. તે તપાસના અહેવાલ બાદજ ખબર પઢે.

જિલ્લામાં એકજ તરફના પોકેટમાંથી વારંવાર મળતી દૂધ સંજીવણી યોજનાની થેલીઓ રોડ ઉપર મળી આવવના કારણો કોણ કોને નિશાન બનાવી રહ્યું છે. તે કળવું મુશ્કેલ છે તયારે જો સાચા અર્થમાં આ દૂધ સંજીવણી યોજના કુપોષિત બાળકોનું આહાર છીનવી લેતી હોય અને ટર્મના પેટ સુધી આ દૂધ પહોંચતું ના હોય તો એ બાબત પણ ખુબજ ગંભીર ગણી સકાય ત્યારે સંબંધિતો એ આ મુદ્દાને ગૌણ ગણવાને બદલે આધુનિક ઢબે ટેક્નિકલ સોર્ષ વૈજ્ઞાનિક સોર્ષ અને ખાનગી રહે પણ તપાસ કરી જો આ સડયંત્ર હોય તો આ ષડયંત્ર પાછળ કોણ છે. તેની તપાસ હાથ ધરવી જોઈએ અને તેમને ખુલ્લા પાડવા જોઈએ નહીતો આ પાઉચ ફેંકનાર અને કહેવાતી બેદરકારી દાખવનાર ઈસમોને પણ ખુલ્લા પાડી તેમની સામે કાયદેસર પગલાં લેવાની લાગણી અને માંગણી ઉઠવા પામી છે. ત્યારે આ બાબતની ઘનીષ્ઠ તપાસ હાથ ધરશે ખરી..........!!!!!!

(પાન નં.૧ નું ચાલુ)

## દેશના ૧૬માં રાષ્ટ્રપતિ....

(લોકસભા અને રાજ્યસભા સહિત),દરેક સાંસદના વોટની કિંમત ૭૦૮ છે., દેશમાં કુલ ૪૧૨૦ ધારાસભ્યો છે.દરેક રાજ્યના ધારાસભ્યના મતનું મૂલ્ય અલગ-અલગ હોય છે. ઉદાહરણ તરીકે, ઉત્તર પ્રદેશના ધારાસભ્યના મતનું મૂલ્ય ૨૦૮ છે.રાષ્ટ્રપતિ બનવા માટે કોઈપણ ઉમેદવાર માટે ૫૪૯૪૪૧ જરૂરી છે.

ધારાસભ્યના કિસ્સામાં, જે રાજ્યના ધારાસભ્ય છે ત્યાંની વસ્તી જોવામાં આવે છે. આ સાથે જે તે રાજ્યની વિધાનસભાના સભ્યોની સંખ્યાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. મૂલ્યની ગણતરી કરવા માટે, રાજ્યની વસ્તીને ધારાસભ્યોની કુલ સંખ્યા વડે ભાગવામાં આવે છે. આ રીતે મેળવેલ સંખ્યાને પછી ૧૦૦૦ વડે ભાગવામાં આવે છે. હવે જે આંકડો ઉપલબ્ધ છે તે રાજ્યના ધારાસભ્યના મતનું મૂલ્ય છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવવું એ વિજય નક્કી કરતું નથી. રાષ્ટ્રપતિ તે બને છે જે મતદારોના મતોના કુલ વજનના અડધાથી વધુ એટલે કે સાંસદો અને ધારાસભ્યોના મત મેળવે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઈલેક્ટોરલ કોલેજના સભ્યોના મતોનું કુલ વજન ૧૦૯૮૮૮૨ છે. ઉમેદવારને જીતવા માટે ૫૪૯૪૪૧ મત મેળવવાના રહેશે.

અંતિમ ચૂંટણીમાં રામનાથ કોવિંદને ૬૫.૩૫% મત મળ્યા હતા. આવી સ્થિતિમાં એનડીએનો પ્રયત્ન રહેશે કે, આ વખતે પણ તેઓ આ આંકડા સુધી પહોંચી શકે. પીએમ મોદી ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી સાથે મુલાકાર કરી ચૂક્યા છે. એવું સમજી શકાય કે, તેમને મળીને રાષ્ટ્રપતિ ચૂંટણીમાં એનડીએ ઉમેદવાર માટે તેમનું સમર્થન માગ્યું છે. જોકે, આ બંને નેતાઓ ઈચ્છે છે કે, પહેલા એનડીએ ઉમેદવારનું નામ જાહેર કરે ત્યારબાદ સમર્થનનો નિર્ણય કરીશું.

# દાહોદ જિલ્લાના પ્રાથમિક શાળાના ૫૧ શિક્ષકોનો વિદાય સન્માન સમારોહ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદનાં એન.ઇ. જીરૂવાલા શાળા ખાતે ગત તા.૩૧ મેના રોજ નિવૃત થયેલા ૫૧ શિક્ષકોનો સન્માન સમારોહ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા યોજાયો હતો. સમારોહમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવી ગત તા. ૩૧ મે ના રોજ નિવૃત થયેલા શિક્ષકોને મળવાપાત્ર લાભોના તમામ પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. તેમજ તેમનું વિદાય બહુમાન કરાયું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. રાજ્ય સરકાર છેવાડાના દરેક વિદ્યાર્થીઓ સુધી ઉત્તમ શિક્ષણ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. જિલ્લામાં હવે મેડીકલ એન્જિનિયરિંગ સહિતના તમામ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને બહાર જવાની જરૂર રહીનથી. દાહોદ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ માટેની તમામ સવલતો ઉપલબ્ધ કરવામાં આવી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીની
પ્રેરક ઉપસ્થિતિમાં



# ગુજરાત ગૌરવ અભિયાન

દક્ષિણ ગુજરાતના 5 જિલ્લાઓમાં વિવિધ વિકાસકાર્યોના
## ખાતમુહૂર્ત, ભૂમિપૂજન અને લોકાર્પણ

| ₹ 650 કરોડના કામોનું ખાતમુહૂર્ત | ₹ 1500 કરોડથી વધુના કામોનું ભૂમિપૂજન | ₹ 900 કરોડથી વધુના કામોનું લોકાર્પણ |
|---|---|---|

**નવસારી, ડાંગ, વલસાડ અને વ્યારા જિલ્લાનાં વિદ્યાર્થીઓ અને દર્દીઓને મળશે અદ્યતન સુવિધા**

**નવસારી ખાતે ૫૪૨.૫૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર મેડીકલ કોલેજ અને અત્યાધુનિક હોસ્પિટલનું ભુમિપૂજન**

### નવીન હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ

- ૬૬૦ ક્ષમતા ધરાવતી છોકરા-છોકરીઓ માટેની અલાયદી હોસ્ટેલ
- ઓડિયો-વિડીયો ડિજિટલ સેવાઓથી સજ્જ લેક્ચર થીયેટર્સ
- સ્કીલ લેબોરેટરી, મલ્ટિપર્પસ હૉલ, વિવિધ સ્પોર્ટ્સ સુવિધાઓ, અલાયદા ચાઈલ્ડ કેર સેન્ટર, સ્ટુડન્ટસ કાઉન્સિલની સેવાઓ




### નવસારી મેડીકલ કૉલેજમાં ઉપલબ્ધ થનારી સુવિધાઓ

- નવીન ૪૫૦ બેડ કેપેસીટી
- ૪ મોડ્યુલર ઓપરેશન થીયેટર સાથે કુલ ૮ ઓપરેશન થીયેટર
- ૨૨ ઓ.પી.ડી. ક્લીનીક સેવાઓ ઉપલબ્ધ થશે



10 જૂન | 2022 સવારે 09.00 વાગે ગામ - ખૂડવેલ, તા. ચીખલી, જિ. નવસારી

CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

## વારંવાર દાહોદ શહેરના વિસ્તારોમાં

# ખોદકામ કરવામાં આવી રહ્યાં છે : જ્યાં જુઓ ત્યાં ટ્રાફિક જામ, રસ્તાઓ ઉપર ખાડાઓનું સામ્રાજ્ય





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- શું સુવિધાના નામે પ્રજાજનોને લોલીપોપ અપાઈ રહ્યો છે ? :
- સ્માર્ટ સીટીના નામે દાહોદમાં આડેધડ ખોદકામને પગલે શહેરવાસીઓ ત્રાહિમામ.
- શહેરવાસીઓની હવે સહન કરવાની શકિત ખુટી રહી છે. આમેય દાહોદ શહેરમાં પાણી, રસ્તાઓ, ગંદકી વિગેરેની સમસ્યાઓ તો છે જ સાથે સાથે આ આડેધડ ખોદકામથી લોકો વધુ પરેશાન થઈ રહ્યાં છે.

દાહોદ,

દાહોદ શહેર સ્માર્ટ સીટી જાહેર થયાને વર્ષો વીતી ગયાં પરંતુ સ્માર્ટ સીતી અંતર્ગત ચાલતી કામગીરી હાલ પણ મંથર ગતિએ ચાલી રહી છે. બારેમાસ સ્માર્ટ સીટીના નામે આડેધડ ખોદકામ, કામગીરી સહિત અને કામગીરી કરવામાં આવી રહી છે અને તેમાંય ખાસ કરીને ખોદકામની કામગીરી તો દાહોદ શહેરવાસીઓ માટે માથાનો દુઃખાવો બની રહ્યો છે જ્યા જુઓ ત્યાં આડેધડ ખોદકામને પગલે જાહેર માર્ગો ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો, ધુળની ડમરીઓ, રસ્તાઓમાં ખાડાઓ વિગેરે સમસ્યાઓથી દાહોદ શહેરવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે.

દર વર્ષે દાહોદ શહેરમાં કોઈને કોઈ કામ અર્થે શહેરના રસ્તાઓ ઉપર આડેધડ ખોદકામ કરી નાંખવામાં આવતાં હોય છે. પ્રિ-મોનસુનના બહાને, નવા રસ્તાઓ બનાવવાના બહાનેસ અને હવે તો સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતી કામગીરીના બહાને જાણે આડધેડ દાહોદ શહેરમાં ખોદકામ કરી નાંખવામાં આવતું હોવાના છડેચોક ચર્ચાઓ થઈ રહી છે. જ્યાં જુઓ ત્યાં ખાડાઓ, ટ્રાફિક જામના દ્રશ્યો, ધુળની ડમરીઓથી દાહોદ શહેરવાસીઓ હેરાન પરેશાન થઈ ગયાં છે. એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે લોકો કલાકોનો સમય વીતી જાય છે અને ખાસ કરીને દર્દીને એમ્બ્યુલંશથી હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તે રસ્તામાં ટ્રાફિક જામના કારણે હોસ્પિટલ પહોંચવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. ખાસ કરીને સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતી કામગીરી કોઈને કોઈ દિવસે શહેરના અનેક વિસ્તારોમાં આડેધડ ખોદકામ કરી નાંખવામાં આવે છે. એક વિસ્તારમાં ખોદકામ પુર્ણ કરી દેવાયાં બાદ મહિના પછી ફરી એજ વિસ્તારમાં કોઈને કોઈને કામ અર્થે ફરી ખોદકામ આરંભ કરી દેવામાં આવતું હોય છે. શું એક કામગીરીમાં સંપુર્ણ કામકાજ પુરૂ કેમ નથી કરી દેવામાં આવતું? વારંવાર એકજ સ્થળે ખોદકામ કરી નાંખતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આમેય દાહોદ શહેર અનેક સમસ્યાઓથી ઘેરાયું છે અને તેમાંય હાલ પરિસ્થિતી એવી છે કે, સુવિધાના નામે માત્રને માત્ર પ્રજાજનોને લોલીપોપ અપાઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. કારણે કે, શહેરવાસીઓની હવે સહન કરવાની શકિત ખુટી રહી છે. આમેય દાહોદ શહેરમાં પાણી, રસ્તાઓ, ગંદકી વિગેરેની સમસ્યાઓ તો છે જ સાથે સાથે આ આડેધડ ખોદકામથી લોકો વધુ પરેશાન થઈ રહ્યાં છે. તંત્ર દ્વારા આ કામગીરી પુર ઝડપે અને જલ્દીથી જલ્દી પુર્ણ કરે તેવી લાગણી અને માંગણી શહેરવાસીઓમાં ઉઠવા પામી છે.

## ગોધરા પાલિકાના સફાઈ કામદારો અને પેન્શનરો ચાર માસથી પગાર નહી ચુકવાતા તેમજ ૩૬ કામદારોની ભરતી માટે પાલિકા પુરી ન કરે તો સફાઈ કામગીરી બંધ રાખી આંદોલનની ચિમકી સામાજીક કાર્યકર દ્વારા અપાઈ



ગોધરા,

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારો તેમજ નિવૃત્ત કામદારોને ચાર માસ પગાર કે પેન્શન ચુકવવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૪-૧૫ થી આજ દિન સુધી પી.એફ.પણ ઓફિસમાં જમા કરાવવામાં આવેલ નથી. ૩૬ કર્મચારી કાયમી ભરતી કરવામાં આવી નથી. તેવાની કાયમી ભરતી કરવામાં આવેલ ન હોવાથી કોર્ટમાં જતાં ૩૬ કામદારોને હકક મળવાપાત્ર બનેલ છે. માંગણીઓ પાલિકા દ્વારા ૭ દિવસમાં પુરી ન કરાય તો આંદોલન અને સફાઈ કામગીરી બંધ કરવાની ચિમકી સામાજીક કાર્યકર દ્વારા અપાઈ છે.

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારોની સમસ્યા પ્રતિદિન વધી રહી છે. સફાઈ કામદારો તેમજ નિવૃત્ત કામદારોને છેલ્લા ચાર મહિનાથી પગાર કે પેન્શન ચુકવવામાં આવેલ નથી. તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષથી સફાઈ કામદારોના પગાર માંથી કપાત કરવામાં આવેલ પી.એફ.ના નાણાં ઓફિસમાં જમા નહી કરાવી નાણાંની ઉચાપત કરવામાં આવ્યાનો આક્ષેપ કરાયો. ૨૦૧૩ના વર્ષમાં ૭૦ સફાઈ કામદારોની કાયમી ભરતી કરવામાં આવેલ છે. તેવા કાયમી સફાઈ કામદારોને ૧૨,૨૪,૩૬નો તફાવત મળે તેમજ ૭૦ કાયમી કામદારોને વેતન ૧૮,૫૦૦/-પ્રમાણે આવે છે. તેઓને કુલ ટાઈમના પગાર આપવામાં આવે પાલિકા દ્વારા ૩૬ સફાઈ કામદારોની કાયમી ભરતી કરવાની બાકી રાખેલ છે. આવા કામદારો ઉપર વધતી જાય છે. ૩૬ સફાઈ કામદારોને કાયમી કરવાની પરવાનગી મળેલ હોવાથી તેવો કાયમી કર્મચારી થવા હકકદાર હોવાથી કાયમી કરવામાં આવે જે સફાઈ કર્મચારીનું યાદીમાં નામ નથી. તેવા કામદારો કોર્ટમાં ગયેલ આ કામદારોની હાજરી જે તે ભરતી સમયે ઓછી હોવાથી ભરતીમાં રહી ગયા હતા. આ કામદારો કોર્ટમાં જતા આ કામદારોને હકક મળવાપાત્ર બનેલ છે. ત્યારે પાલિકાના સફાઈ કામદારોની માંગણીઓ ૭ દિવસમાં ઉકેલ લાવવામાં આવે તેવી માંગ સાથે સામાજીક કાર્યકર કમલેશ ચૌહાણ દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી જો પાલિકા દ્વારા સફાઈ કામદારોના પ્રશ્નો અંગે ગંભીરતા નહી લે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન અને સફાઈ કામગીરી બંધ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## બીજેપી પૂર્વ પ્રવકતા દ્વારા પયગંબર સાહેબ માટે કરેલ ટીપ્પણીના વિરોધમાં ગોધરાના મુસ્લીમ સમાજના અગ્રણીઓ દ્વારા નાયબ કલેકટરને આવેદન આપ્યું



ગોધરા,

ખાનગી ચેનલ ડિબેટમાં બીજેપી પૂર્વ પ્રવકતા દ્વારા પયગંબર સાહેબ માટે વાંધાજનક ટીપ્પણી કરવાના મામલે ગોધરાના મુસ્લીમ સમાજના અગ્રણીઓ દ્વારા નાયબ કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ગોધરા શહેરના મુસ્લીમ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જીલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને બીજેપીના પૂર્વ પ્રવકતા નૂપુર શર્મા દ્વારા ખાનગી ચેનલની ડિબેટમાં પયગંબર સાહેબ માટે વાંધાજનક ટીપ્પણી કરવામાં આવી હતી. તેના વિરોધમાં મુસ્લીમ સમાજના અગ્રણીઓ દ્વારા નાયબ કલેકટરને આવેદન આપીને પયગંબર સાહેબ માટે વાંધાજનક ટીપ્પણી કરનાર નૂપુર શર્મા, નવિન ઝિંદાલ તેમજ ખાનગી ચેનલના માલિક સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરાઈ.

## ગોધરાના પઠાણ રેહાનખાન ફરીદખાનએ ધોરણ ૧૦ માં ૯૯.૯૩ પર્સંટાઈલ માર્ક મેળવી શહેર સમાજ અને શાળાનું નામ રોશન કર્યું



ગોધરા,

ગોધરાના પઠાણ રેહાનખાન ફરીદખાનએ ધોરણ ૧૦માં ૯૯.૯૩ પેર્સંટાઈલ માર્ક મેળવી શહેર સમાજ અને શાળાનું નામ રોશન કર્યું.

ગોધરા શહેરમાં આવેલ સેંટ આર્નોલ્ડ શાળામાં અભ્યાસ કરતાં પઠાણ રેહાનખાન ફરીદખાન એ એસ.એસ.સી ધોરણ ૧૦ માં માર્ચ ૨૦૨૨માં લેવાયેલ પરીક્ષામાં ૬૦૦ માંથી ૫૭૭ માર્કસ મેળવી ૯૯.૯૩ પેર્સંટાઈલ માર્ક મેળવેલ છે. સ્ટાન્ડર્ડ મેથ્સમાં ૧૦૦ માંથી, સોસિયલ સાયન્સમાં ૯૯ અને અંગ્રેજીમાં ૯૭ માર્ક મેળવી ગરીબ ગેરેજ મેકેનીક પુત્ર પઠાણ રેહાનખાન ફરીદખાને પરીવાર, શાળા, સમાજ અને શહેરનું નામ રોશન કર્યું છે અને આગર અભ્યાસ કરી ડોકટર અને આઈ.એ.એસ. બનવાની ઈચ્છા બતાવી હતી. પરીવાર, શાળા પરીવાર તેમજ શહેરીજનોએ પઠાણ રેહાનખાન ફરીદખાનને શુભેચ્છાઓ પાઠવી હતી.

## વેજલપુર ગામનું ગૌરવ : ગોધરા ઈકબાલ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો વેજલપુર ગામનો કઠિયા ફરહાન રૂહુલઅમીન HSC પરીક્ષામાં પ્રથમ ક્રમે



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામનો કઠિયા ફરહાન રૂહુલઅમીન ગોધરાની ઈકબાલ હાઈસ્કૂલમાં એચ.એસ.સી પરીક્ષામાં ૮૬.૮૫% માર્ક્સ મેળવી પ્રથમ ક્રમાંકે પાસ થતા શાળાનું અને ગામનું ગૌરવ વધાર્યું છે. જેથી ગ્રામજનોમાં અને પરિવારના લોકોમાં અનોખી ખુશી જોવા મળી અને અનેક લોકોએ સોશિયલ મીડિયાના માધ્યમ થી અને રૂબરૂ અભિનંદન પાઠવીયા ઈકબાલ હાઈસ્કૂલમાં પ્રથમ ક્રમાંક મેળવનાર (૧) કઠિયા ફરહાન રૂહુલઅમીન ૮૬.૮૫% (૨) પઠાણ ફિઝા અબ્દુલહમીદ ખાન ૮૫.૦૦% (૩) પઠાણ આરીફ ફારૂક ૭૮.૮૫% આ તમામ વિદ્યાર્થીઓએ શાળાનું અને ગામનું ગૌરવ વધાર્યું છે.

## દાહોદના ચોસાલા ગામેથી ૫૯ હજારના દારૂ સાથે ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ચોસાલા ગામેથી પોલીસે રૂપિયા ૫૯,૬૧૬/-ના વિદેશી દારૂના જથ્થા સાથે પણ જણાની અટક કર્યાનું જાણવા મળે છે. જ્યારે ત્રણ પૈકી એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરની પણ પોલીસે અટકાયત કરી છે. પોલીસે બે મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૧,૨૯,૬૨૬/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ગત તારીખ ૮ જૂનના રોજ ચોસલા ગામે પોલીસે નાકાબંધી કરી આવતા જતા તમામ નાનામોટા વાહનોની તપાસ હાથ ધરી રહ્યા હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ બે મોટર સાયકલો પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાની સાથે બંને મોટરસાયકલ અને ચારે તરફથી ઘેરી લઈ બે મોટરસાઈકલ પર સવાર કમલેશભાઈ ધિરજીભાઈ પલાસ (રહે. બોરવાની, ખાચા ફળિયું તા.જિ.દાહોદ), વિપિસિંહ ઉર્ફે વિપેશ રામસીંગભાઈ સંગાડા (કાલીગામ, ઈનામી ફળિયું, તા. ઝાલોદ, જી. દાહોદ) અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ કિશોરની અટકાયત કરી પોલીસે તેઓની પાસેથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૫૯,૬૧૬/- તેમજ બંને મોટર સાયકલની કિંમત મળી કુલ રૂપિયા ૧,૨૯,૬૧૬/- મુદ્દામાલ કબજે કરી દાહોદ તાલુકા પોલીસે ઉપરોકત ત્રણે જણા વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા સીટી ટીકા નં.૧૧ના લાટ નં.૧૩ વાળી મિલ્કત

## લેન્ડ ગ્રેબીંગની ફરિયાદની તપાસ સીટી સર્વેયર વોર્ડ નં.૪ એ પંચક્યાસમાં ટીકા નં.૧૩ લાટ નં.૧૩ દર્શાવી ખોટો રિપોર્ટ કરી લેન્ડ ગ્રેબીંગ કાયદાનો ભંગ કરી અરજદારને નુકશાન કર્યું

ગોધરા,

ગુજરાત જમીનો પચાવી પાડવા પ્રતિબંધી ૨૦૨૦ કાયદા જોગવાઈઓ પ્રમાણે અરજદાર ફારૂક એહમદ સમોલ ગોધરા મારફતે ગોધરા સીટી ટીકા નં.૧૧ના લાટ નં.૧૩ વાળા મકાનમાં તા.૨૦/૫/૨૦૨૨ લેન્ડ ગ્રેબીંગ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા જમન-૨-૭૧૪૯ આપવામાં આવેલ પરંતુ સીટી સર્વેના કર્મચારી અધિકારી હર્ષદ પંચાલ દ્વારા સ્થળ સ્થાનિક તપાસ કરતા પંચક્યાસમાં તા.૨૯/૬/૨૦૨૧માં સાક્ષી તરીકે હાલના ધી શેખ મુસ્લીમ સ્ટુડન્ટસ ફેડરેશન ગોધરા વકફ નોંધણી નંબર બી ૧૪૪ના તમામ ટ્રસ્ટીઓ સામે લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ રૂા.૨૦૦૦/- તા.૧૭/૩/૨૦૨૨ ચલન નં.૮૨/૨૦૨૧ ગોધરા ટીકા નંબર ૧૧ લાટ નંબર ૧૩ ક્ષેત્રફળ-૧૩૭-૧૧૪-૫૪-૯૮વાળી મિલ્કત બાબતે ફારૂક અહેમદ સમોલ દ્વારા ફરીયાદ કરેલ જેનો લેન્ડ ગ્રેબીંગ જમન-૨ ૭૧૪૯ જીલ્લા પંચમહાલ દ્વારા પડેલ બાબતે નંબર જમન-૨-એસ.આર.૬૯/૨૦૨૧/વશી/૪૨૬/૨૦૨૧ તા.૨૩/૩/૨૦૨૧ તપાસ અધિકારી તરીકે નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર પંચમહાલ-ગોધરાને નિમવા નિયમ-૫(૧) થી અમિત અરોરા કલેકટર પંચમહાલ ગોધરા હુકમ તા.૨૩/૩/૨૦૨૧નો હુકમ કરેલ છે. બાબતે સીટી સર્વે પંચમહાલને તપાસ સુપ્રત કરતાં પંચનામું કરનાર કર્મચારી અધિકારી સીટી સર્વેના હર્ષદ પંચાલ દ્વારા સ્થળ સ્થાનિક કોઈપણ જાતની કાર્યવાહી નહી કરી ટ્રસ્ટીઓ પાસે સહીઓ પંચક્યાસમાં સહીઓ કરાવી અમારી કાયદા વિરૂદ્ધ અને વહીવટી નિયમોને નેવે મુકી પોતાના અધિકારો વાપરી સરકારશ્રીના કાયદાનું હર્ષદ પંચાલ દ્વારા અમોને નુકશાન પહોંચાડેલ અને સરકારના આદેશોનું અનાદર કરેલ છે. વધુ જાહેર માહિતી કાયદા ૨૦૦૫ બાબતે આ ગેરરીતિઓ ખુબ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ કરેલની વિગતો બાબતે સંબંધીત અધિકારી અધિક કલેકટર સમક્ષ તા.૧૬/૪/૨૦૨૨ના રોજ આપેલ બાબતે નંબર. જમન-૨/એસ.આર./૬૯/૨૦૨૧/વશી/૧૦૦૨ થી ૧૦૦૩/૨૦૨૧ તા.૨૬/૭/૨૦૨૧ અરજી બાબતે મોટી કાર્યવાહી કરવા અહેવાલ માંગવામાં આવેલ.

આમ, હર્ષદ પંચાલ દ્વારા પંચક્યાસમાં ગોધરા ટીકા નં.૧૩ના લાટ નંબર.૧૩ વાળી મિલ્કતમાં ગુજરાજ જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અન્વયે સ્થળ તપાસ થઈ આવવા બાબતની નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તેમ પંચ ગોધરાના લેન્ડ ગ્રેબીંગ કેસ નં.૧૪/૧ થી ૪૭૫ ૨૦૨૧ તા.૨૦/૪/૨૦૨૧ની હકીકતો જોતા પંચોના જોતા સીટી સર્વે હર્ષદ પંચાલ દ્વારા ત્યારબાદ ફારૂક એહમદ સમોલ દ્વારા જાહેર માહિતી અધિકારી હેઠળ આપેલ બીજા પંચક્યાસમાં હર્ષદ પંચાલ દ્વારા મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ મોજે ગોધરા ટીકા નં.૧૧ના લાટ નં.૧૩ કરી અને ઉપર મુજબના ઈસમોની સહી લઈ જીલ્લા કલેકટર સમક્ષ ખોટા કાયદા વિરૂદ્ધનો અહેવાલ કોઈપણ જાતની રેકર્ડ રૂલ્સ તથા વહીવટી નિયમો પોતાના ઘરના સમજી હર્ષદ પંચાલ સીટી સર્વે દ્વારા ગેરરીતિઓ આચરેલ છે. જેથી જે યોગ્ય કાર્યવાહી થાય તેવી અરજદારની માંગ છે. આમ, અરજદારની લેન્ડ ગ્રેબીંગ બાબતે ખોટી તપાસ કરી અમોને નુકશાન પહોંચાડેલ સામે ખોટી તપાસ કરી ખોટા લાટ નંબરવાળું પંચનામું કરેલ સામે યોગ્ય સીટી સર્વે હર્ષદ પંચાલ સામે ખાતાકીય પગલા લેવા અને પોલીસ ફરિયાદ કરવાની માંગણી કરેલ છે. અરજદાર દ્વારા તમામ પુરાવા નકશા સાથે આપેલ પરંતુ હર્ષદ પંચાલ સીટી સર્વેના પંચક્યાસના આધારે અમોને નુકશાન થયેલ છે.

## દે.બારીયા પાલિકાના દ્વારા વરસાદી અને ગંદા પાણીની કાંસોની સાફ સફાઈની કામગીરી મંદ ગતિએ થાય છે... શા માટે...?

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકા દ્વારા પ્રિમોન્સુનની કામગીરીની હાલમાં શરૂઆત થઈ ગઈ છે પરંતુ ધીમી અને મંદ ગતિએ કાંસોની કામગીરી થાય છે. માથે ચોમાસાના વાદળો સવારે અને સાંજે ઘેરાય છે. તેમ છતાં આ મોન્સુનના કાર્યને વેગવંત કેમ બનાવાતો નથી તે યક્ષ પ્રશ્ન છે શું ? રાતોરાત મોન્સુનની એન્ટ્રી થઈ જાય તો ખાલી કાગળો ઉપર આ સ્વચ્છ ભારત મિશનની ગ્રાન્ટના નાણાંને કાગળો ઉપર બતાવી દેવાય તે માટે આ કાર્ય ગોકુળ ગતિ એ તો થતો નથી ને તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વોર્ડ નં.૬માં વરસાદી અને ગંદા પાણીની કાંસ ચાર્ટર્સ કોલેજ થી શરૂ થાય છે અને ભે દરવાજા પાસેના ગરનાળામાં જઈને મળે છે. તે કાંસને અડધી અધુરી સાફ કરીને ખાનગી એજન્સીના કોન્ટ્રાકટર મુકી રાખીને કામદારોને અન્ય બીજી જગ્યાએ મોકલી દીધા છે. જેથી નગર પાલિકાના ચીફ ઓફિસર આ બાબતે ખાસ નોંધી રાખે અડધું અધુરુ કાર્ય કોઈપણ વિસ્તારમાં ના મુકી રાખે વધારે કામદારોને મુકી મોન્સુન આવતા પહેલા આ તમામ કાંસોનું કોન્ટ્રાકટની મર્યાદામાં કાર્ય પૂર્ણ કરવા બાધ્ય છે. આનું નામતો પ્રિમોન્સુનની કામગીરી છે. ચોમાસા અગાઉ જે તે કાર્ય પૂર્ણ કરી દેવાતા હોય છે. મોન્સુનના સમયે તો ફ્લ્ડની ઈમરજન્સી કાર્ય માટે એલર્ટ રહેવું પડતું હોય છે. કયા વરસાદી પાણી ભરાયા, કયા ઝાડ પડયા, કયા તળાવમાં ગાબડા પડયા આવી અનેક સમસ્યાઓનો સામનો હોય છે. જેથી તાલુકા ફ્લ્ડ શાખાનો એક વિભાગ ફ્લ્ડ કંટ્રોલના નામે કાર્યરત કરવામાં આવતો હોય છે અને તેઓ ૨૪ કલાક ચોકના રહેવાની સુચનાઓ અપાય છે.



ડો.નૈસર્ગ શાહ, ઈફિકટીવનેસ ઓફ સેલ્સ પ્રમોશન ટેકનીક ફોર કન્સ્યુમર ડ્યુરેબલ્સ ઈન નોર્થ ગુજરાત વિષય પર મહાશોધ નિબંધ લખીને ડોકટરેટ ઓફ ફિલોસોફી (પી.એચડી) પ્રાપ્ત કરેલ છે.

## શ્રીમતિ એસ.આર.દવે કન્યા વિદ્યાલય શાળાનું ધોરણ ૧૨નું પરિણામ ૮૬.૭૬% અને ધોરણ ૧૦ નું પરિણામ ૭૫.૧૪% આવતા શાળાનું ગૌરવ

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં શ્રી કે.કે. હાઈસ્કૂલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ એસ.આર.દવે કન્યા વિદ્યાલયનું ધોરણ ૧૨ નું પરિણામ ૮૬.૭૬% અને ધોરણ ૧૦નું પરિણામ ૭૫.૧૪% કોમર્સમાં જીલ્લાકક્ષાએ શાળાનું નામ રોશન થતા શ્રી કે.કે.હાઈસ્કૂલ કેળવણી મંડળના પ્રમુખ સતીષભાઈ શેઠ, મંત્રી દેવેન્દ્ર મેહતા, આચાર્ય હર્ષાબેન પંચાલ તેમજ સમગ્ર શાળા પરિવાર એ તમામ સ્ટુડન્ટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. ધોરણ ૧૦માં (૧)ચૌહાણ દિશા ધોરણ૧૦ ગ્રેડ એ વન (૨) રાઠવા વીણા ધોરણ ૧૦ ગ્રેડ એ ટુ (૩) પરમાર પ્રાચી ધોરણ ૧૦ ગ્રેડ એ ટુ (૪) ઝાલા પ્રીતિ ધોરણ ૧૦ ગ્રેડ એ ટુ (૫) રાઠવા નિરમા ધોરણ ૧૦ ગ્રેડ એ ટુ અને ધોરણ ૧૨ ના પરિણામ (૧) રાઠવા આરતી ધોરણ ૧૨ માં ૯૦.૫૪ pr (૨) ચૌહાણ જલ્પા ધોરણ ૧૨ માં ૮૨.૮૦ pr (૩) મેઘવાર અમીશા ધોરણ ૧૨ માં ૮૧.૪૧ pr આ તમામ સ્ટુડન્ટ્સ સારા પરિણામ મેળવતા શાળામાં અને પરિવારજનોમાં અનોખી ખુશી જોવા મળી છે. જેના લીધે શાળા મંડળના પ્રમુખ સતીષભાઈ શેઠ, મંત્રી દેવેન્દ્રભાઈ મેહતા, આચાર્ય હર્ષાબેન પંચાલ અને શાળા પરિવાર એ શાળાનું ગૌરવ વધારતા તમામને અભિનંદન પાઠવીયા અને તેઓની કાર્યશીલમાં પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પર્યાવરણના જતન અને તે પ્રત્યે પ્રતિબદ્ધતા અને વૃક્ષોનું મહત્વ સમજીને ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ અને રણજીતનગર ગ્રામપંચાયતના સંયુક્ત ઉપક્રમે રણજીતનગર ખાતે આવેલ સત્યનારાયણ મંદિર પાસે વૃક્ષારોપણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦૦ જેટલા વિવિધ પ્રકારના વૃક્ષો રોપવામાં આવ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.245